GJAR030014622025

રજુ તારીખ : ૨૨– ૦૭–૨૦૨૫
દાખલ તારીખ : ૨૨– ૦૭–૨૦૨૫
ફેસલ તારીખ : ૧૩–૦૮–૨૦૨૬
સમયગાળો : **વર્ષ–માસ–દિવસ**
૦૦ – ૦૦ –૦૦

**ભિલોડાના મે.જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં,**
**મુ.ભિલોડા, જી.અરવલ્લી – મોડાસા**

**ફોજદારી કેસ નં.૧૧૨૨/૨૦૨૫**
**આંક– ૧૯**

**–:: ફોર્મ–એ ::–**

**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક. કોર્ટ, ભિલોડા – અરવલ્લી**
હુકમની તારીખ : – ૧૩/૦૮/૨૦૨૬
**ફોજદારી કેસ નંબર : – ૧૧૨૨/૨૦૨૫**

| | |
|---|---|
| પોલીસ સ્ટેશન | શામળાજીપો.સ્ટે.ગુ.રજી.નં. ૦૦૧૧/૨૦૨૫ |
| ગુન્હો | ભારતીય ન્યાય સંહીતા બી.એન.એસ. ૨૦૨૩ ની કલમ – ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧, ૩૫૨, ૩૫૧(૨)(૩), ૫૪, તથા જી.પી.એકટની કલમ – ૧૩૫ મુજબ. |
| ફરીયાદી | શ્રી સરકાર |
| **ફરીયાદી તર્ફે** | **વિ.એ.પી.પી.શ્રી. કે.એન.સિસોદીયા** |
| –:: વિરૂધ્ધ::– | |
| આરોપીઓ | (૧) સીકન્દરભાઇ સ/ઓ જીતેન્દ્રભાઇ કેશવભાઇ ડામોર, ઉ.વ.૨૧,<br>(૨) સુરતાબેન વા/ઓ જીતેન્દ્રભાઇ કેશવભાઇ ડામોર ,ઉ.વ. ૩૮,<br>બંન્ને રહે.ઓડ ,તા.ભિલોડા ,જી. અરવલ્લી |
| **આરોપીઓ તર્ફે** | **વિ.વકીલ શ્રી : આર.એલ.ડામોર** |

## –:: ફોર્મ – બી ::

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | તા.૧૨/૦૨/૨૦૨૫ તથા તા.૧૧/૦૨/૨૦૨૫ |
| એફ.આઈ.આર.ની તારીખ | તા.૦૧/૦૧/૨૦૨૫ |
| ચાર્જશીટ દાખલ થયા તારીખ | તા.૨૨/૦૭/૨૦૨૫ |
| તહોમતનામું ફરમાવ્યા તારીખ | તા.૨૫/૦૩/૨૦૨૬ |
| પુરાવો નોંધવાનું શરૂ કર્યા તારીખ | તા.૦૫/૦૮/૨૦૨૬ |
| હુકમ ઉપર લીધેલાની તારીખ | તા.૦૫/૦૮/૨૦૨૬ |
| હુકમ જાહેર કર્યા તારીખ | તા.૧૩/૦૮/૨૦૨૬ |
| સજાનો હુકમ જાહેર કર્યા તારીખ | –– |

## –:: આરોપીની વિગત ::–

| | |
|---|---|
| આરોપીઓનો ક્રમ | (૧) થી (૨) |
| આરોપીઓનું નામ | (૧)સીકન્દરભાઇ સ/ઓ જીતેન્દ્ભાઇ કેશવભાઇ ડામોર,ઉ.વ.૨૧,<br>(૨)સુરતાબેન વા/ઓ જીતેન્દ્ભાઇ કેશવભાઇ ડામોર ,ઉ.વ. ૩૮,<br>બંન્ને રહે.ઓડ,તા.ભિલોડા ,જી. અરવલ્લી |
| ધરપકડ કર્યા તારીખ | આરોપી નં.૧ તા.૧૨/૦૨/૨૦૨૫,આરોપી નં.૨ તા.૧૧/૦૨/૨૦૨૫ |
| જામીન મુકત કર્યા તારીખ | આરોપી નં.૧ તા.૧૨/૦૨/૨૦૨૫,આરોપી નં.૨ તા.૧૧/૦૨/૨૦૨૫ |
| કયો ગુન્હો નોંધાયેલ | ભારતીય ન્યાય સંહીતાબી.એન.એસ.૨૦૨૩ ની કલમ – ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧, ૩૫૨, ૩૫૧(૨)(૩),૫૪, તથા જી.પી.એકટની કલમ – ૧૩૫ મુજબ. |
| છોડી મુકેલ કે સજા કરેલ છે | છોડી મુકેલ છે. |

| | |
|---|---|
| સજા કર્યાની વિગત | -- |
| બી.એન.એસ.એસ.ની કલમ – ૪૨૮, મુજબ ન્યાયીક કાર્યવાહી દરમીયાન જેલમાં રહેલ સમય. | |

**–:: ફોર્મ – સી ::–**

**એ – ફરીયાદપક્ષે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી :–**

| ક્રમ | સાહેદના નામ | પ્રકાર | આંક |
|---|---|---|---|
| (૧) | શીવરાજભાઈ રસીકભાઈ ડામોર | ફરીયાદી | ૧૪ |

**બી– આરોપીપક્ષે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી :– સાહેદો તપાસેલ નથી.**

**સી– અદાલતે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી :– સાહેદો તપાસેલ નથી.**

**એ– ફરીયાદપક્ષ ધ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી:–**

| ક્રમ | વર્ણન | આંક – સાહેદ જેમા દસ્તાવેજ રજુ થયેલ છે. |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૧૫ |
| ૨. | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ૧૬ |
| ૩. | સારવાર સર્ટી | ૧૭ |
| ૪. | કલોઝીગપુરસીસ | ૧૮ |

**બી– બચાવ પણ દવારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી:– પુરાવા રજુ નથી.**

**સી– અદાલત વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી:– પુરાવા રજુ નથી.**

**ડી– અદાલત સમક્ષ લેવામા આવેલ તકરારો તથા તેનુ વર્ણન :– નથી.**

# – :: ચુકાદો :: –

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૦૧/૦૧/૨૦૨૫ ના કલાક.૧૪/૦૦ મોજે ઓડ ગામે કો.નં.૧ આરોપીએ ફરીયાદીએ રૂ.૩૮,૦૦૦/– તથા મોબાઈલ ઉછીના આપેલ હોય જેની ફરીયાદી ઉઘરાણી કરવા જતાં આ કામના આરોપી નંબર.૧ નાએ ફરીયાદીને નઠારી ગાળો બોલી હાથમાં પથ્થર પકડીને માથામા મારી ઈજાઓ કરી આરોપી નંબર.૨, નાઓએ આરોપી નંબર.૧ નુ ઉપરાણુ લઈ ફરીયાદીને જેમફાવે તેમ નઠારી ગાળો બોલી ગડદાપાટુનો માર મારી જાનથી માર મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી મે જીલ્લા મેજી.સા.ના જાહેરનામાનો ભંગકરી ગુન્હો ભારતીય ન્યાય સંહીતા બી.એન.એસ.૨૦૨૩ ની કલમ– કલમ – ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧, ૩૫૨, ૩૫૧,(૨)(૩), ૫૪, તથા જી.પી.એકટની કલમ–૧૩૫, મુજબનો ગુનો કરેલ તે મતલબની ફરીયાદ ફરીયાદી એ આપેલ. ત્યાર બાદ આ કામે તપાસ કરનાર અમલદારે જરૂરી તપાસ કરી, તપાસના અંતે આપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા સદરહુ કામે ચાર્જશીટ રજુ કરેલ.

(૨) ત્યાર બાદ આરોપીઓને પ્રોસેસ કાઢતાં અને હાજર થતાં, ભારતીય ન્યાય સંહિતા કલમ – ૨૦૨૩ મુજબ આરોપીઓને પોલીસ તપાસના કાગળોનીનકલોવિનામુલ્યેપુરીપાડેલ છે તથા બી.એન.એસ.૨૦૨૩ ની કલમ – કલમ–૧૧૫(૨), ૩૫૨, ૩૫૧, ૩૫૨, ૩૫૧,(૨)(૩), ૫૪, તથા જી.પી.એકટની કલમ – ૧૩૫, મુજબના શિક્ષાને પાત્ર ગુના સબબ **આંક – ૦૮ થી તહોમતનામું ફરમાવી આંક – ૦૯ થી ૧૦ નિવેદન** નોંધવામાં આવેલ છે જેમાં આરોપીઓએ હોમતની કબુલાતનો ઈન્કાર કરતા કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવા

માં આવેલ અને ઉપરોક્ત ફોર્મ – સી, જણાવેલ મુજબનો દસ્તાવેજી અને મૌખિક પુરાવા રજુ કરલે છે.

(૩) ત્યાર બાદ તમામ આરોપીઓને સમન્સ કાઢતા તેઓ અદાલત સમક્ષ કાજર થતા, તેમને બી.એન.એસ.એસ ની કલમ – ૨૩૦ અન્વાથે પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાતરી કર્યા બાદ, તેમની વિરુધ્ધના ગુનાઓ સાબબ **આંક–૦૮ થી તહોમતનામું ફરમાવી આંક– ૦૯ થી ૧૦ નિવેદન** નોંધવામાં આવેલ છે જેમાં આરોપીઓએ હોમતની કબુલાતનો ઈન્કાર કરતા કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવા માં આવેલ. ત્યાર બાદ, ફરિયાદ પક્ષે ઉપરોક્ત ફોર્મ – સી માં જણાવ્યા મુજબના સાહેદી તથા દસ્તાવેજી પુરાવા રજુ કરલે છે.

(૪) ત્યાર બાદ ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થતાં આ કામે આરોપીઓનું બી.એન.એસ.એસ.ની કલમ – ૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો ન હોઈ ખોટો બનાવ ઉભો કરી ફરીયાદ દાખલ કરેલ છે.

(૫) આ કામમાં ફરિયાદ પક્ષ તરફે એ.પી.પી.શ્રી.કે.એમ.સિસોદીયા તથા બચાવ પક્ષે વિ.વકીલશ્રી જે.ડી.પરમાર ની દલીલો સાંભળી.

(૬) સદરહુ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**– :: મુદ્દાઓ :: –**

| | |
|---|---|
| (૧) | શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૦૧/૦૧/૨૦૨૫ ના કલાક.૧૪/૦૦ મોજે ઓડ ગામે કો.નં.૧ આરોપીએ ફરીયાદીએ |

| | |
|---|---|
| | રૂ.૩૮,૦૦૦/– તથા મોબાઇલ ઉછીના આપેલ હોય જેની ફરીયાદી ઉઘરાણી કરવા જતાં આ કામના આરોપી નંબર,૧નાએ ફરીયાદીને નઠારી ગાળો બોલી હાથમાં પથ્થર પકડીને માથામા મારી ઈજાઓ કરી આરોપી નંબર,૨ નાઓએ આરોપી નંબર ,૧નુ ઉપરાણુ લઈ ફરીયાદીને જેમફાવે તેમ નઠારી ગાળો બોલી ગડદાપાટુનો માર મારી જાનથી માર મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી મે જીલ્લા મેજી.સા.ના જાહેરનામાનો ભંગકરી ગુન્હો ભારતીય ન્યાય સંહીતા બી.એન.એસ.૨૦૨૩ નીકલમ–કલમ–૧૧૫(૨), ૩૫૨, ૩૫૧, ૩૫૨, ૩૫૧,(૨)(૩), ૫૪, તથા જી.પી.એકટની કલમ – ૧૩૫, મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ? |
| (૨) | શું હુકમ ? |

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે :–

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**–//કારણો//–**

**મુદ્દા નંબર. ૧ તથા, ૨ અંગે :–**

(૮) ઉપરોકત નિર્ણયો માટેના અત્રેની કોર્ટના કારણો માટે પુરાવાનું મૂલ્યાંકન કરીએ તો, ફરિયાદ પક્ષે તેઓના કેસના સમર્થનમાં **આંક – ૧૪ થી ફરીયાદીના શીવરાજભાઈ રસીકભાઈ ડામોર** નાઓને કોર્ટ રૂબરૂ સોગંદ પર તપાસેલ છે. સદર સાહેદ પોતાની જુ બાનીમાં જણાવે છે કે,'' તેઓતથા તેમના પાડોશી જસવંતભાઇ બંને જણા દુકાને કરીયાણું લેવા ગયેલા બે–એક વાગે પરત આવતા હતા સીકદરભાઇ

ને મે રૂ.૩૮,૦૦૦/– ઉછીના એક મોબાઈલ આપેલો ઉઘરાણી કરતા મારી સાથે બોલાચાલી અને બુમાબુમ કરવા લાગેલા મારા ઘરના માણસો આવી ગયેલા ત્યાથી જતા રહેલા **જપાજપી દરમ્યાન માથાના ભાગે કંઈક વાગી જતા મારા ઘરના માણસો ૧૦૮ મારફતે સારવાર શામળાજી હોસ્પિટલ લઈ ગયેલા ઉછીના પૈસા તેમજ માબોઈલ પરત આપતા ન હોઈ, શામાળાજી પો.સ્ટે. ફરીયાદ આપેલી ફરીયાદ બતાવવામાં આવે છે તેમાં મેં સહિ કરેલી.** જે ફરીયાદ આંક–૧૫ થી રેકર્ડ પર રજુ છે. બીજુ કંઈ બનેલ નહી. જયારે**, બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સ્પષ્ટ પણે હકીકતો સ્વીકારેલ છે કે,**''આરોપીઓ મારે સામાન્ય બોલાચાલી થયેલી. આરોપીઓએ કોઈ ગાળો બોલેલ નથી કે,જાનથી મારી નાંખવાની ધમકી આપેલ નથી. આરોપીઓ પાસે કોઈ પથ્થર હથીયાર જોયેલ નહી. આરોપીઓ મારા ગામના છે.”

(૯) આમ, ફરીયાદ પક્ષે રજુ તમામ પુરાવાનું સમગ્રપણે મુલ્યાંકન કરવામાં આવે તો આ કામના ફરીયાદીએ જે ફરીયાદ હકીકતને સમર્થન કરેલ નથી તેઓ પોતે ઈજા પામના અને વિકટીમ હોઈ અને તેઓ પોતેજ પો.સ્ટેમાં ફરિયાદ આપવા ગયેલ હોઈ તેઓની ફરિયાદની હકીકતોને સમર્થન આપતા નથી અને ઈજા બાબતેની હકીકતો ને પણ સમર્થન આપતા નથી. આરોપી પક્ષે નિખાલસ પણે ગુન્હાવાળી જગ્યાનું પંચનામું, સારવાર સર્ટીફીકેટ કબુલ રાખતા તે રેકર્ડ પર તો આવેલા છે પરંતુ સદર પંચનામા રેકર્ડ પર આવવા છતાં એ હકીકત પુરવાર થતી નથી કે ફરીયાદ મુજબનો જ બનાવ બનવા પામેલો. કારણ કે, આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી અને ઝપા ઝપી થયેલી એન રૂ.૩૮,૦૦૦/– ઉછીના તથા મોબાઈલ પરત આપતા ન હતા હોવાની હકીકત ફરીયાદી જણાવતા હોઈ અટેલે કે આરોપીઓ દ્વારા

કોઈ ઈજા કરવામાં આવેલ હોઈવાની હકીકતને સમર્થન આપતા ના હોઈ વધુમાં, ફરીયાદી આરોપીઓ દ્વારા શું ગાળો અપ શબ્દો ઉચારેલ અને શું ધમકી આપેલ તે અંગે પણ કોઈ સ્પસ્ટ હકીકત રેકર્ડ પર તેઓની સોગંદપર ની જુબાનીમાં જણાવેલ નથી. તે સંજોગોમાં તપાસ કરનાર અમલદ્વાર કે મેડીકલ ઓફીસરશ્રીને તપાસવાનો કોઈ અર્થ રહેતો નથી. આમ, ફરીયાદની હકીકતોને સમર્થનકારી પુરાવો રેકર્ડ પર લાવવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે. ફરીયાદ પક્ષના પુરાવાઓનું મુલ્યાંકન કરતા આરોપીઓ વિરુધ્ધ આક્ષેપાયેલ હોમત પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે. આવા સંજોગોમાં આરોપીઓ ને તકસીરવાન ઠરાવી શકાય નહી. ઉપરોકત તમામ ચર્ચા મુજબ **મુદ્દા નં.(૧)** નો જવાબ **"નકાર" માં** આપી મુદ્દા નં. **(૨)** પરત્વે નીચે મુજબનો **આખરી હુકમ** કરવામાં આવે છે.

## –:(( આખરી હુકમ )):–

**(૧)** આ કામનાં આરોપીઓને ભારતીય ન્યાય સંહીતા બી.એન.એસ.૨૦૨૩ની કલમ–૧૧૫(૨), ૩૫૨, ૩૫૧, ૩૫૨, ૩૫૧(૨)(૩), ૫૪, તથા જી.પી.એકટની કલમ – ૧૩૫, મુજબ ગુન્હા માંથી બી.એન.એસ.એસની કલમ – ૨૭૧(૧) અન્વયે શિક્ષાપાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ આવે છે.

**(૨)** આરોપીઓએ હાલના કામેની સંભવીત અપીલના કામે અપીલ કોર્ટ સોમક્ષ હાજર થવા સહુ રજુ કરેલ જામીન તથા જાતમુચરકા કિ.પ્રો.કો.ક ૪૮૧ ની જોગવાઈ અનુસાર અમલમાં રહેશે.

**(૩)** અપીલ સમય બાદ મુદ્દામાલનો નિયમોનુસાર નિકાલ કરવો.

આ હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ: ૧૩/૦૮/૨૦૨૬**
**ભીલોડા**

**(આનંદ એ. દવે)**
**જયુડીસીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ.**
**ભિલોડા.**
**જીજે.૦૧૪૪૨**

ટાઈપ કરનાર : ડી.આર.પટેલ (ગુજરાતીસ્ટેનો)